સતી સંયુકતા નાટકની પ્રવેશવાર હકીકત.

અંક ૧લો.

૧—કનોજના રાજા જયચંદની દરબાર. દિલ્હિના રાજા પૃથિરાજ ચહુઆણનો દશોંદી ભાટ મહાકવિચંદ પૃથિરાજે માંડેલા યજ્ઞમાં પૃથિરાજના મસીઆઈ જયચંદને તેડું કરવા આવે છે. જયચંદ અભિમાનથી તિરસ્કાર સાથે ના પડાવે છે અને પોતે ચાલુ જમાનામાં ન કરવા લાયક રાજસુયયજ્ઞ માંડવાનો ઠરાવ કરે છે તથા પોતાની દીકરી સંયુકતાનો સ્વયંવર કરવા નિરધારે છે,

૨—જયચંદનો હરામી પ્રધાન ધનપત. રાજા પાસેથી પૈસો પડાવવા એક જોગી જોડે પેરવી;

૩—જયચંદની માનીતી પટરાણી. પ્રધાન સાથે બદચાલ. જોગીનું આવવું. જયચંદનું અચાનક અંતઃપુરમાં આવવું. માનીતી તથા ધનપતનું પાપ પ્રગટ થવાની તૈયારી, ધનપતની યુકિતથી નિર્દોષ ઠરવું. નિરપરાધી જોગીનું દેશપાર થવું

૪—જયચંદનો માનીતો પુંજઓરાત. પૃથિરાજને ત્યાં તેડું કરવા જવાની તૈયારી બે ધાંયજીઓ જુની અને નવી.

૫—દિલ્લિમાં પૃથિરાજની કચેરી. જયચંદના રાજસૂયયજ્ઞની જાણ પડવી. ધાંયજાનું તેડું કુમાર રેણશીનો જવાબ યજ્ઞમાં ભંગ કરવાની પેરવી.

૬—પૃથિરાજની દરબારમાં બેઠક માટે અપમાન પામેલો દંશી ઠાકોર. પૃથિરાજની રાખ્ય કર્ણાટકીની દાસી મારફતે પ્રધાન કેમાસનું કાશળ કાઢવા રચના પૃથિરાજને કાનભંભેરી કર્ણાટકીને ત્યાં લઈ જવું.

૭—રાખેલી કર્ણાટકી. દાસીની નીચ યુકિત. કૈમાસનું આવવું. બન્નેને શરાબ પાવો પૃથિરાજનો ઠાકોર સાથે ગુપ્ત પ્રવેશ. નિરદોષી

કમાસને બાણથી પાર કરવો. કર્ણાટકીને દેશ નિકાલ. કર્ણાટકીનો જયચંદને ત્યાં રહેવાનો ઠરાવ. હાકોરને પ્રધાન પદવી. નિમકહરામ નીચ દાશીને શિક્ષા.

૮—કુમાર રેણુશી, તથા કૈમાસના ભાઈ અને રાજાના સાળા સેનાધિપતિ ચામુણ્ડરાય. હાથીનું છુટવું ચામુણ્ડરાયનુ તે હાથીને મારવું. પ્રપંચી હાહોનો પ્રપંચ. પૃથિરાજના કાન ભંભેરી, ચામુણ્ડરાયને બેડી નંખાવવી. ચામુણ્ડરાયની કામ પડયે પણ લોઢું હાથમાં લેવાની પ્રતિજ્ઞા.

૯—ચંદ અને પૃથિરાજ. સંયુકતાના રૂપનું વર્ણન. સંયુકતાને ખાનગી પત્ર અને સંયુકતાનો સ્નેહ. ચખુવાળાના વેશે ચંદ સાથે જયચંદની દરબારમાં જવાનો ઠરાવ.

૧૦—જયચંદને પોતાનો ભાઈ બાળુકરાય જે પૃથિરાજને બાંધિ લાવવા મોકલ્યો હતો તેને પૃથિરાજના લશ્કરે કાપી નાખ્યો એવા સમાચાર મળે છે. રાજસૂય બંધ રહેછે. સ્વયંવરમાં છડીદારને ઠેકાણે પૃથિરાજ તથા તેના બનેવી ચિતોડના રાજા સમરસિંહનાં પૂતળાં ફરી બેસાડવાનો હુકમ અપાય છે. ચંદ તથા ચંબૂવાળાને વેશે પૃથિરાજ કચેરીમાં આવે છે. જયચંદનો વેહમ કર્ણાટકીને બોલાવવી. કર્ણાટકી અડધું ઓઢી ચંદની સમસ્યાથી સર્વ ઓઢેલું કાઢી નાંખેછે. જયચંદનો વધતો જતો વેહમ કર્ણાટકનુ સમાધાન કરવું કર્ણાટકી દુતી તરીકેની ફરજ દ્વાઅર્થી કાવ્યમાં બજાવે છે.

૧૧—સંયુકતા સાહેલીઓ સાથે.

૧૨—ધાયભાઈ વિવાહમાં.

૧૩—સ્વયંવર પૂતળાંને વરમાળ આરોપવી. રાજાઓનો ગુસ્સો.

અંક બીજો.

૧—સંયુકતા કેદમાં. જયચંદનું આવી સમજાવવું. સંયુક્તાનો દૃઢ વિચાર. માનીતીનું સમજાવવું.

૨—પૃથિરાજ ગંગા નદિને કિનારે સંયુક્તાના મહોલની બાજુએ રણભૂમિમાંથી અચાનક આવી ચઢેછે. સંયુક્તા સ્વારને જોઈ પ્રેમઘેલી સાહેલીઓને તેડી લાવવા તાકીદ આપેછે. પૃથિરાજ સંયુક્તાને જોઈ ચકિત

૩—મહોલમાં મેળાપ. ગાંધર્વ લગ્ન, અને હરણ.

૪—દિલ્લિમાં સયુકતાના વીવાહનું જમણ. ટેલીઓ ભટ. દક્ષણી અને આંધળે બેરૂં કુટાવું.

૫—બગીચામાં સંયુંકતા સાહેલીઓ સાથે ગરબામાં, પૃથિરાજ સાથે વિલાસમાં દાસીઓની ચોકી, ચંદ અને હાહુળીરાય હમીરનું મહારાજાની મુલાકાતે આવવું દેવડી ઉપરથીજ માર ખાઇ પાછા જવું.

૬—ચન્દ, હાહુળીરાય અને મ્હાજન. હાહુળીરાયનો ગુસ્સો. પૃથિરાજને ખરાબ કરવાની પ્રતિજ્ઞા લઇ જયચંદ પાસે જવું.

૭—જયચંદ, ધનપત; હાહુળીરાયની વાત સાંભળી શાહાબુદીન ગોરીને બોલાવવાની તતારખાં મારફતે ગોઠવણ.

૮—સંયુકતાનું સ્વપ્ન. પોપટ મારફતે સમરસિંહ આવ્યાના તથા યવન સૈન્ય આવી પહોચ્યાના સમાચાર મળવા. સમરસિંહને મળવા જવું.

૯—સમરસિંહ તથા તેમનો કુમાર કલ્યાણ. યોદ્ધાઓને શૂરાતન ચઢાવવા ભાષણ. પૃથિરાજનું આવવું. સમરસિંહનો ઠપકો. યુદ્ધની ગોઠવણ. સંયુકતા રણમાળ આરોપે છે.

૧૦—કુમાર રેણુશી તથા કલ્યાણનો વિવાદ. રેણુશીનો યુદ્ધે ચઢવા આગ્રહ.

૧૧—યુદ્ધ. હમીરનું મ્હોત, પૃથિરાજનું કેદ થવું. કાચ ફેરવી આંખો ફોડવી.

અંક ત્રીજો.

૧—સંયુકતા ઈશ્વર ભક્તિમાં. પૃથિરાજ કેદ થયાના સમાચાર ચંદ મારફતે. ચંદનું ગીત... જવા નિકળવું.

૨—ધાંયજાની કમબખ્તી.

૩—જયચંદનું જંગલમાં માનીતી તથા ધનપત સાથે નાશી છુટવું. માનીતી તથા ધનપતનો દગો, પડતા ઉપર પાટુ. જયચંદનો જુમનામાં ડુબી આપઘાત કરવો. દેશપાર કરેલા જોગીના હાથમાં ધનપત તથા માનીતી સપડાય છે. જોગી ડુબાડી દેઇ વેર વળ્યુ સમજે છે.

૪—ચિતોડમાં સમરસિંહની રાણી કરમાદેવી કુંવરી કુંવરની છેલ્લી મુલાકાત લઇ સાહેલીઓ સાથે કેસરીઆં કરવા કુદી પડેછે.

૫—પૃથિરાજ ગીઝનીમાં કેદખાનામાં ચંદ સાથે મુલાકાત શબ્દવેધી બાણ મારવાની પેરવી.

૬—સંયુક્તા પતિ વિરહમાં.

૭—સાત તવા. શબ્દવેધી બાણ. શાહાબુદિનનું મોત. ચંદ તથા પૃથિરાજનું પરસ્પર કટાર ખાઇ મરવું.

૮—સંયુક્તા. સતી થવાની તૈયારી.

૯—ધાંયજાના કજીઆનું પતણું.

૧૦—સંયુક્તા સતી થાય છે.

મુખ્ય પાત્રોનાં નામ.

સંયુક્તા	... જયચંદની પુત્રી. પૃથિરાજની રાણી
જયચંદ	... કનોજનો રાઠોડ રાજા
પૃથિરાજ	... દિલ્લિનો ચહુઆણ રાજા. જયચંદનો મસીઆઇ ભાઇ
ધનપત	... જયચંદનો પ્રધાન.
કૈમાસ	... પૃથિરાજનો કાકો તથા પ્રધાન
ચામુણ્ડરાય... ...	... કૈમાસનો ભાઇ તથા પૃથિરાજનો સેનાપતિ
માનીતી	... જયચંદની રાણી
ચંદ...	... પૃથિરાજનો રાજ્યબારોટ કવિ તથા મિત્ર.
રેણુશી	... પૃથિરાજનો પાટવી કુંવર.
સમરસિંહ... ...	... પૃથિરાજના બનેવી તથા સલાહકાર ચિતોડના યોગીરાજ રાજવી.
કલ્યાણ	... સમરસિંહનો પાટવી કુંવર
પ્રેમાદેવી	... સમરસિંહની પટરાણી.
હાહુળીરાય... ...	... પૃથિરાજનો સામંત પાછળથી દેશદ્રોહી.
શાહાબુદ્દિન... ...	... ગીજનીનો ઘોરી બાદશાહ.

શ્રી પરમાત્મને નમઃ

મંગળાચરણ.

ગાંઉ આજ આનંદે જીણંદ ગુણ હરખે
જનમ સફળ આ—ગાઉં૦
શાંતિદાતા શાંતિનાથ, કૃપા કરો ધરો હાથ
સ્તવન નમનથી દીનજન વંદે—ગાઉં૦
પાપ તું અમાપ કાપ, તાપ ત્રિવિધ ટાળી નાંખ
નવીન નાથ શ્રી નિવાસ, પાસ પૂર દાસ આશા—
નાટી—ગઇ ગ્રીષ્મ થયું ચોમાસું વિરહી વરસાવે આંસુ
નિરખે છે કઇ દિશ નાસું ચોગમ આ ચાતક પ્યાસું
પિયુ પિયુ પુકારે બપૈયા, મોર નાચે થૈઆં થૈઆં
ગાયે મલ્હાર રાગ ગવૈયા,
સુણીકાન—આણીનેભાન—મળે પ્રિયપ્રાણ—મદન રસપ્યાસુ—ગ૦
જળજળ સ્થળ સઘળે ભાસે, ઘેરે જગ ઘન ઉલ્લાસે,
જંગલમાં નદીપુર નાસે, અંધારૂં શું હવણાં ખાશે,
ગગડાટ કરે ઘનમાળા, ચળકાટ કરે વિજળીવાળા,
બીનેલી બિચારી બાળા,
ભેટે જઇને ભરથાર, હઠીલી નાર, પતિ કહે આ શું—ગઇ૦
વિરહી જન આંસુ સુકાશે, પ્રિય જનનો સંગમ થાશે,
પણ ભારત ભૂમિ શી આશે, દિન વ્યતીત કરતી જાશે;
ગત વીર જગાવા કાજે, કયું ઘન મંડળ છે ગાજે.
કયો મોર મલ્હાર બીડ બાજે
હાહાર, બની લાચાર, ખમીને માર, પાડવાં આંસુ,—ગઇ૦

ક્યાં રામ, ભીમ, ને કર્ણ ? મહાવીરો પામ્યા મર્ણ
દુર્જનથી પ્રુજે ચર્ણ, ક્યાં ભારત ભૂમિ કરે શર્ણ
કેસરી પડીઆ છે કેદ, કુસંપે થયા શિર છેદ
રે ખરો ધરો મન ખેદ
ધનરાયથી શીખી સાર, વર્તતાં વાર, કરે કુણ ખાસુ--મર્દ૦

વારાંગના— ૧

પ્રબળ છો રાજવી પોતે—એ ટેક.
સકળ જગમાં, સજન જનમાં
વિજય બ્યાપ્યો, સુજશ સ્થાપ્યો—પ્રબળ૦
કીર્તિકોટ ઉપર ધ્વજ દંડ પૂર્ણ પ્રતાપી અને પ્રચંડ
અબળા જન મનના આનંદ, જયજય રાજમણિ જયચંદ

ચંદ—

ભર્યો હામ દામ ઠામ નેકનામ પૃથિરાજ.
મસીઆધ બાઇ આજ યજ્ઞ કાજ મચ્યો હે.
જચ્યો જાકે દિલ રામ હુવો હે પુરન કામ
શાહબુદિન શાહ જાકે હાથ માંડ બચ્યો હે.
ગોરીસાહ કેદ કીનો પ્રભુને ખજાનો દીનો.
જાચકમેં નામ કીનો રાજપુત સચ્ચો હે.
ધરન કંઠ કીર્તિમાલ ઉમંગિત હુવો હાલ.
તેડે સહ બાલગોપાલ જગન મંડપ રચ્યો હે—

દુહો.

છમા ભૂષન હે ભૂપકો ભૂલે કયઉં જયચંદ.
ન્યાય નિપુણ ચહુઆનહે પૃથિરાજ મતિમંત—

જયચંદ— ૨

આમરનો ભાર છે કે સાગરને એ જીતી જાશે
સિંહણનો બાળ શું શીઆળવાથી નાશી જાશે
પામર પીખાઇ જાશે—હારીને હાંસી થાશે—
શુરવીરના સાથ ભીડવી બાથ એ કાયરથી બનશે
છોરાથી છાશ ન પીવાય એ તો ખાસ હળશે
રાજવી રાઠોડ જુદા—બાજ કયાંને કયાં કુદાં
ટેં ટેં કરતું એ ટીંટોડું તરફડી ટપ માર્યું જાશે—

જોગી— ૩

રામચરનકો રટન હમારે, ઓર કછુ નાહિં દિલમેં ધારે—
માલ ખજાના દોલત મ્યાના, છોડ સબી જમદ્વાર સીધારે—
મારે ફીરતે ધનધન કરતે, મારે ગયે સબ વ્હોહી ધુતારે—
અપને તો હે સબસેં ન્યારે, રામરામ મુખસેંહી ઉચારે—

માનીતી— ૪

ખીલ્યાં ખુબ ગુલાબોરે, ઘડી પછી કરમાશે;
જરી વીજળી ઝબકીરે, પલક પછી જો નાસે—
મેઘ મંડળ મળીયુંરે, વખત વીત્યે વેરાશે
રંગ સંધ્યા સમયનારે, જરા રહીને જાશે—
એમ જોબન જાણોરે, ઝડપ ઝટ જાવાનું
થઇ પડશે સાહેલીરે, પછીથી થાવાનું

દાસી— ૫

શું કામ તણી બલિહારી, થાય વિદ્વાનો અવિચારી—શું•
ભૂલી જ્ઞાન અને ભાન, રટે એક પ્યાર પ્યાર—શું•
રૂપ રંગ બાજુ રહે, જાય બળી અધિકાર

કંઈનું કંઈક કરાય છે, પડતાં મદનનો માર—શું૦
પૃથ્વીપતિ જેને ગણે હૈયા કેરો હાર
તે પટરાણી પ્રચ્છતી દિવાનને દિલદાર—શું૦

જયચંદ— ૬

શાને શાને (૩) રીસાયે શાણી હો
મારી પ્યારી મધુરી મનમાની—શાને૦
વદન કમળ જો આ કરમાયે, અંતર મારૂં અતિ અકળાયે
નાના નાના (૩) રૂપે તું દાખવે
આવી નાદાની ફરી દિલજાની-શાને૦
હાજર ઉભો હું છું હજુરમાં, તોયે તણાયે મિજાજ પુરમાં
જારે જાજા (૩) થોડા સો મિઠાહો
મારી મિઠ્ઠી હવે લ્યો માની—શાને૦

જય૦ માની૦— ૭

પ્રિયે આનંદ ઉર ઉભરાય, નિરખું, હરખું મુખડું—
માનુની તું મદભરી, તને નિરખી સુંદરી
મારી ચિત્તવૃત્તિ હરી—પ્રિયે૦
કાયા ન્યારી કરી કિરતારે, જાન જુદાઈ ન ધારે
સુંદરી જન્મ સફળ મન માનું
વાહ વાહ પ્યારા પ્રાણનાથ, સદા રહું રસીલી સાથ
આનંદે લ્યો તાળી હાથ—હા- પ્રિય૦--

ગાંયજો— ૮

એહેહ ઉહું એહેહ ઉહુ
કેવો પુંજીઆ રાતનો ભેખ્હાર, અલ્યા આપણે થયા સરદાર

કેવું દરબારમાં છે માન– કહે બાઈ આવો આવો આવો આવો.
ત્યારે હું તો રહું છું નોખો નોખો–પણ ખુબ મોંઘો મોંઘો મોંઘો–
અલ્યા બાયડી પયણ્યો છું બે–એક નવી અને એક જુની.
મારી નવી છે કાળજાની કોર–આંય આવવા ન દઉં ટાડી ઉની
એ હેં હેં ઊહું–કેવો૦--

[illegible]—આંચરુ— ૯

નવી પ્રાણ થકી તું પ્યારી, તારા પર હું વારી વારી;
મીઠા મીઠા બોલ ઉચ્ચારી, મારૂં કાળજું લીધું કાઢી;
મોઢું તારૂં મનહર જોઇને હૈયું આ હરખાય.
આમ તાકીને આખો દાડો બેશી રહું એમ થાય--
મ્હોટા ભાગ્યે મળી નવી તું ભલે ભલે અવતાર--નવી૦
આવ્ય મારી બાપુડી આવ હવે ઘરમાં--જાઓ નથી આવતા
ઓ તારો લટકો ને ઓ તારો ચટકો--હો--નવી૦--

[illegible]ના— ૧૦

રાજ રાજે ચોહાણનું આજે પ્રજા છે આનંદમાં.
કુંવારી આવી વસી એક દેવજ દરમાં.
પુષ્પો બીચારાં એક બંધમાં—આજે૦
સુનાં ઘરો પડયાં એક સારી પાટમાં.
હંસો છે એક જળ પાત્રમાં–આજે૦
તેજસ્વી દિનમણિ કાન્તિ નિશામણિ.
દર્શનથી દિન જાય શાન્તિમાં–આજે.

[illegible]— કવિત.

દાની બલિરાજ જૈસો, માની રાવનરાજ જૈસો.
જ્ઞાની રાજા રામ જૈસો ધરનીકો ધની હૈ.

સમતા સાગર સમાન પ્રભુતા પ્રભુ પ્રમાન.
ઋદ્ધિ સિદ્ધિ જોડી દેવરાજ જીસી બની હે.
યવનોકુ ઠાર માર ધર્મ પંથ દીયો સવાંર.
નીકે ગુનનકી ખની આપ સંભર ધની હે.
શૂરાકે શિરમની દાનીકે દીનમની.
શૃંગાર હાર મધ્યમની ચહુઆન કુલ મની હે—

રેણુશી— ૧૧

કહેજે તારા રાજાને થાય તે કરે;
થાય તે કરે ચહુઆણુ નહિ ડરે—કહેજે૦—
રાજબીજ હજુ નથી ગયું કાંઇ રસાતળ.
સાંખી ખાશે મુગા મોઢે અલ્યા આવું કુતુહળ.
બાપુજા—અરેજા—ચાલ્યોજા—કહેજે૦—
ધર્મકાજ ક્ષત્રી ગજ ગાજે, રાજરાજ પાપી મદ ભાજે
મૂર્ખ મદાંધ થઇ શું રાચે—બાપુજા૦—કહેજે૦—

પૃ.ધિરાજ— ૧૨

અહા નરનાથને નથી જંપ જુઓ પળવાર—
સમજે પ્રજાકે રાજા સુખી છે.
સુખ ન મનશાંતિ વિના મળનાર—અહા૦
ભભકો બ્હાર થકી બહુ ભાસે,
નહિં કંઇ મહિં મન સમજે સાર—અહા૦
કંટાળી ભગવાન કહું છું.
ગરીબ ઘર કાં ન કીધો અવતાર—અહા૦

કર્ણાટકી— ૧૩

હજુ બાળ મળી ન મનમોહનની—હજુ૦

હારે પપૈયા પેઠે પિયુ પિયુ કરી હારી--બાળ૦
વિરહ સતાવે વસંતમાં, ઊનાળે તન તાપ.
કરગરતી આ કામની, પિયુ પધારો આપ-બાળ૦
ગાજે વાદળ ગગનમાં, માનુની મન મુઝાય.
વાદળ વીરા વીનવું, સંદેશો લઈ જાય-હજુ.

સાહેલીઓ--   ૧૪

કંઇ રંગે રમતાં રજની જાશે, પીલ્યોને શરાબ --એ ટેક૦
પુરણ ભરીયું રસીઆ પ્યાલ્યો, પ્રિત રસેથી બાલ,
માનુની દેખી મુનીવર ચળીઆ, માણસ તે કોણ માલ;
સાજન સજની સલાહ કરીને, મારી કાઢો કામ,
એ પાપીડાએ પોકરાવ્યા, તોબા તોબા રામ.

દાસી—   ૧૫

નિમકહરામી ફળ આ પામી, થઈ હું હા બેહાલ
બેહાલ ટળી ગઇ દુનિઆથી.
આંધી મુકી બાંધી ખાતાં, થઇ હું હા કંગાલ
કંગાલ ટળી ગઈ દુનિઆથી;
વીસરીને ઉપકાર હજારો નીવડી હું ચંડાળ
ચંડાળ મરૂં પસ્તાવાથી;
નિમકહરામી કરતાં જાણી, પ્રાણી થશે ખુવાર
ખુવાર લોભે લપટાવાથી,

સિપાઇ—ચલ હટ થુથુ ચલ હટ થુથુ થુ.

સેજુશી—   ૧૬

રાખ્યે કાચા કાન થશો બહુ હેરાન

પૃથિરાજ—જોજારે નાદાન

રેણુરશી— હું તો ઠીક કહુ છું ઠીક—
ઉંધા ચત્તાં આમ ભરાવે તમામ
ધાનતના હરામ હું તો ઠીક કહું છું ઠીક—
પૃથિરાજ—બસ બસ કર કુમાર.
રેણુરશી— હું છું તાબેદાર
થશો તાત ખુવાર હું તો ઠીક કહું છું ઠીક
ચંદ— કવિ-ત

શોભા જાકે કેસકી નિહાર ભૂમિ શેષ પેઠો
નેન દેખ મૃગમીન બન જલ બેઠો હે
મનોહર મુખ દેખ દુઃખ ભયો શશીકોં
સો દિન પ્રતિદિન દેખો દીનબન બેઠોહે
દેખકે કપોલકોં અતોલ લાલચોલ કીનો
ગુલાબને કંટકસેં આપહી આપ બેટોંહે
અધરકી લાલી દેખ પેટ બેઠ્યો પ્રવાલીને
નાસીકા બેસર નિહાર શુક બન્ન બેઠોહે—૧
કણ્ઠકી મિઠાસ સુન નારદ સારદ જોગ લીનો
કોકિલાને લાજસેંહી બન્નવાસ બેઠ્યોહેં
કુચ કુમ્ભકો નિહાર કરીકુલ ધુલ ડારેં
પેટકોં નિહાર પંકજ પાનીમેંહી પેઠોહે
કટીકોં નિહાર મૃગરાજ મસ્તક ફાર મરેં
ચાલ ચતુરાઈ દેખ હંસ બસ્યો છેટોહે
અવતાર ધર અવનીપર આયે રમ્ભા રાધકાજી
સંદેહ યહ નવીન મોરે મનકો નાહિં મેટયોહે—૨

પૃથિરાજ ૧૭

પૃથ્વીપરની શું આ અબળા—એ ટેક૦

રંભા મેનકા કે પોતે પાર્વતી શું હશે આતે.
કદી વિષ્ણુ વિખુટી હશે કમળા—પૃથ્વી૦—
જો ને શું આનંદ કંદ વદન પુનમચંદ.
કેવી ચતુર વિચીક્ષણ છે ચપળા !—પૃથ્વી,—

૧૮

વિધિ વિષે, વિશેષ વિચાર નહિં.
જુઓ કરે છે કઇનું કંઇ-વિધ—
ઠામ ન લેખે કંઇ કુઠામ ન દેખે કંઇ
જ્યાં ત્યાં લાકડે, માંકડું મેળવે સહી-જુઓ૦—
ચંદ્ર કલંકીત સૂર્ય સંતાપક.
જુઓ કમળ, બનાવ્યું જઈ કાદવ મહિં—જુઓ૦—

૧૯

વાંચી હૃદયમાં જો જો વિચારી, બાજુએ રાખી બેદરકારી
—વાંચી૦
ચંદ્ર પઢાવી તુમ ગુણ ગીતા, પાઠ કરૂં છું નિત્ય સંભારી
—વાંચી૦
ઝાઝું લખ્યેથી લખાઉ લેખાઉં, તોપણ હું તો સદાની તમારી
—વાંચી૦
ક્ષત્રી વરપર પૂર્ણ ભરસો, મહાવીર રાખજો લાજ અમારી
—વાંચી૦

૨૦

રહી વસી હૃદય મણિ રમણી,
શશીમણિ મન ગણી, ચિરાહારે.
વચણે, નયણે મારે હારે મંત્ર ભણીએ—રહી૦
છબિલીએ છબિથીજ દીલને ડોલાવ્યું છે
લટકે, મટકે, ભુલ્યો, ફુલ્યો રંગમાં આ રહી૦

રસ સરોવર પર રમતાં રસિલી સાથ.
ડગલે, ડગલે, ડુબ્યો, ડુબ્યો. ડુબ્યો આ—રહી૦

જય ચંદ— ૨૧

એ નાદાને અરરર અહા ભાઇ માર્યોજ મારો.
એ દુષ્ટે ધરી દ્વેષ યજ્ઞ શુભ હા હાય મારો બગાડ્યો.
મરકટડે મૃગરાજ રાજ ખીજવ્યો છેટે રહી આ તકે.
હાહાહા જયચંદ કેમ જીવતાં આ દુઃખ સાંખી શકે.

છંદ— ભુજંગ પ્રયાત.

જિહાં આસનં સુર હંકે સનાહં.
જિનં છત્રી બંસં કીયે એકરાહં.
જિનં બંદી ખુરસાન કીયે મીર બંદા.
જયો રાવ રાઠેર વિજેપાલ નંદા—

બાબરકી બીલોડી સ્વાદ સાકરકો નાહીં જાને
ઠાકરકી સાહબીકું ચાકર પેછાને કયા ।
સાગરકે લાલજો કલ્લોલ તાકી બહુરી મઝા.
કૂપકો મણ્ડુકરાય કબહી પેછાને કયા ।
નાગરકે નાકે ભોગ ગાળી કે ગમાર લોક
બેચારે કબહીં કબી ચિત્તમેં બિચારે કયા ।
સુનીએ કૃપા નીધાન સુન્યો હૈ ચોહાન કાન.
ઐસે લાખ ઠાકરવાકી જુતીમેં સમાવે કયા ॥

કવિત.

બત્તીશ લચ્છન સહિત, બરસ છત્તીસ માસ છહ.
ઇમ દુરજન સંગ્રહે, રાહ જિમ સુર ચંદ ગ્રહ ।

ઇક છૂટહિ અહિદાન, ઇક ઘુટહી મહિ દડહિ.
ઇક અહહિ ગિરિકંદ ઇક અનુસરહિ ચરણ ગ્રહિ ।
અલ્લુઆન ચતુર સબ બિધ ઇહે હિંદુઆન સબ હ્યજિહિ.
ઇમજપે ચંદ બરદાય બર પૃથિરાજ ઉનિહાર ઇહી ॥
ઇસો રાજ પૃથિરાજ જિસો મથુરામેં મોહન.
ઇસો રાજ પૃથિરાજ જિસો ભારતમેં અરજ્જુન ।
ઇસો રાજ પૃથિરાજ જિસો અહંકારી રાવન.
ઇસો રાજ પૃથિરાજ રામ રાવન સંતાપન ।
બરસતિસ છે અધિક હે તેજ પુંજ અનુપમ બદન.
ઇમ જપે ચંદ બરદાય બર પૃથિરાજ અનુહાર ઇન ॥

કલ્યાણી ઠુમરી— ૨૨

વાહ ખીલીશું રહ્યો વર્ષા રૂતુનો રંગ.
મદન મહિપનો જબરો મચ્યો છે જંગ —વાહ૦
લીલું કલ્હાર આ ભાસે ભૂતળમાં.
લીલા લ્હેર પીયુ પત્નિનો જ્યાં પ્રસંગ—
બગલી ઉદાસી ગંગાજી ઉપર, મેઘ વિના કોણ રાખે.
રે એનો રંગ—વા૦

ગ્રાન્ડુકતા— ૨૩

હા નફટ મદન નટખટ મને ઝપટ સપટ ઘેરેરે—એ ટેક.
શરમ સમજ સકળ ચુકવી નીસરૂં હું કઇ પેરેરે—
હાં નીઠુર મદન નરમ બદન બાણુ લઇ વિંધેરે.
રગ રગ વહે ગરમ રૂધિર શરીર ધખધખે છે રે.
હાં પ્રિત દરદ પ્રિતમ વેદ્ય વગર કોણ ફેડેરે.

સંયુક્તા— ૨૪

સખી સુઝે ન કાંઇરે—
ચોંટયા ચોંટયા ચિત્ત એ ચહુઆણ ગુણ નિધાન—સ૦
કરૂં શું હા વિચાર, ચિત્ત આ લાચાર રે અપાર.
એહું પ્રિતમ પાસ થઇ હું હા નીરાશ—ચોંટયા૦
કોમળ હું લતા, મરૂં પ્રીતમ ઘન ઘટાવિના.
કામે દાઝતાં થઇ આહા છટા—ચોંટયાં૦

સાહેલીઓ— ૨૫

એની મારી રસિલી કેમ હઠીલી આજે થઇ તું આમ
નથી તું કાંઇ ઘેલી છેલ છબીલી કેમ હઠીલી આજે થઇ તું આમ
જોકે તું પૃથિરાજથી પામે સ્વર્ગ સમાનજ સુખ,
તોયે ચાલી વિરૂદ્ધ વડિલથી દેવાય તેઉને ન દુઃખ;
કેમ મેલાય ઠેલી, થાળી પીરસેલી, કેમ હઠીલી—આ૦
લક્ષ્મીને જેમ વિષ્ણુ શોભે, સીતાને જેમ રામ.
દંપતી દીપો તેમ તમે પણ વૃદ્ધ ઘણા ગુણ ધામ.
ડાહી તું છે ભણેલી શાસ્ત્ર શીખેલી કેમ હઠીલી—આ૦

સંયુકતા— ૨૬

સાહેલી રે આડી વાત ન આણ—એ ટેક.
તળસ તળસ થયું છે મન મારૂં,
ભુંડી રાખ જરા તું તો ભાન—સાહે૦
મદન ગોઝારો દુશમન મારો,
કેમ થાય અલી તું અજાણ—સાહે૦
શોભે તે કરજે અલી શાણી,
મારો નથી ગયો ભગવાન—સાહે૦

સાહેલી— ૨૭

અલી ચંચળ નાર. કાંઇ ધીરજ ધાર,
મન જરીક વાર, છે ત્યાંજ સાર,
એક પલક માંહિ, બની આમ ઉદાસ—અલિ.
હજુ રમવો રાસ, થાયે શું નિરાશ.
ખરે સમજી ખાસ, કાઢ શોક પાસ.
નાંખે શું નિશ્વાસ, કહી નાથ નાથ—અલી.

ચાંચજી વિગેરે— ૨૮

પેલા ભડમ પટારા ભીમને કોણે નોતર્યાં રે!
એના પેટમાં રે, અગડ માય બગડ માય,
બાર ધાણીનું તેલ માય, સવામણનો ખીચડો રે—
સ્વયંવરમાં તો એવી કંઇક મૂરતો રે
બોલો કાચી કંઇ આ અમારી સૂરતો રે.
મુખ તો માંકડું, નાક છે વાંકડું, પેટતો સાંકડું.
એમ છે વારૂ એમ છે નવી, બંદાલાલનો ઓાય શોક રે.

સઘળા— ૨૯

બસેરા ભૂપાળો મળી તમે દીધું બહુ માન—ટેક
પોતે પધારી કીર્તી અમારી, વધારી હે વિધાન—
રત્ન રૂપાળું રાચી રહેશે, શોધી લઇ શુભસ્થાન—

સાહેલી— ૩૦

બેની મારી રે આ છે ભૂપ ભાગ્યશાળી.
માળા નાંખોરે પસંદ કરી પુણ્યશાળી—ટેક.

ચાપોત્કટ કુળ મહારાજા, જેથી વીરમંડળની માઝા,
ભીમ રણભૂમિમાં ગાજ્યા—બેની૦—
આબૂપતિ આ જીત નામે, મરૂપતિ જો આ પતિ પામે
હઠીલા વીર શીર નિત્યજ નામે—બેની૦
આ પરમાર કુમાર પ્રતાપી, કહેરકંઠીર અરિ સંતાપી.
પ્રજા પીડ સકળ જેણે કાપી—બેની૦—

રાજાઓ— ૩૧

અપમાન અપમાન આવું કેમરે ખમાય ?
જાય જાય ક્ષત્રી બેઠે કન્યા પૂતળાંને જાય—અ૦
શું વાઘ, વચે કરી માગ, શ્વાન તે શિકાર લઇને જાય.
વિકરાળ, સિંહની ફાળ, ચુકાવે, શીયાળ કેરૂં બાળ.
મારો મરો, નહિં જરી ડરો, બસ લડો લડો વીર
રાજ—અપ૦—

અંક ૨જો.

સંયુક્તા—સાહેલી— ૩૨

હા બેન હા બેન કેવો આ મુજપર જુલમ જુલમ,
કરું શુ હાય પડે ન ચેન—હા૦
ગભરાયે શાને રે શખી—હા બેન—હા બેન.
કેવાં હશે કરમ—હા૦—

સંયુકતા— ૩૩

માનત મોટો અહેશાન તાત તમારો હું તો તો—
જનમતાં હોત કરી દૂધ પીતી, ઝેર ગોળી પાઇ હત ગળથુતી.
ચાત આજે ન આવી હું ભુંડી—તાત૦—
પાળી પોષી શીદ મોટી કીધી, શીખવી શાણે શાસ્ત્રને નીતિ.
કુવો જાણીને પડતાં અનીતિ—તાત૦—

પ્રીતની રીત ગહન જગ જાણે, પંથ એ પરમ પ્રવીણ પિછાણે.
કહ્યું વિવેક મુકી શું વધારે—તાત૦—
સંકટ સમયે સગાં કરે સ્હાયજ, કે પછી રાય શરણ જમ જાયજ
તાત રાય કોપ્યે શો ઉપાય—તાત૦—

સંયુ૦— ૩૪

અરે તાત સુણો તાત મારી વાત જરા.
નાદાની મુકી દે દીવાની—અરે૦
નાહક હરદમ મને સતાવી ખીજાવી લાજ સઘળી મુકાવી
રાખો કાંઇ બાકી બાકી—અરે૦—

જય૦—રે અણુ સમજુ છોકરી લેવા બેઠી ટેક
હાથણી પરવત પાડતાં દાંત ગુમાવીશ છેક.
સંયુ૦—આપ ટેક ખાતર નહિં ભવ મારો બગડાય.
કંટાળી કાંટા થકી છોડ ગુલાબ છેદાય. નાહક૦

જય૦— ૩૫

માન હજુ જરી, નાદાન દીકરી,
સંયુ૦—પાછા પેસે હાથીદાંત બ્હાર નીસરી ?
જય૦—હજુએ કહું છું માન મૂરખી ?
સંયુ૦—મારો તો નક્કી નાકાર
જય૦—મરવાને ઘર માથું તારૂં,
સંયુ૦—લ્યો ને તે તો આ તૈયાર;
સાહે૦—મહારાજાજી માફ કરોને એ તો નક્કી છે નાદાર.
જય૦—લાજ લુટાવા બેઠી દુષ્ટા છોડ છોડરે આ તલવાર.
માની૦—હાંહાંરે હાંહાંરે રાઠોડ રાજ શું રે કરોછો આકાજ.

જય૦—ના ના થોભાવો મને નાહક, ઉતારૂં આજે હું એનો છક,
તજાવું તરત જક, સમજો રખે ફરક.
મા૦ સા૦—એ તો મૂરખ અને આપ ચતુર.
કાજ ઘટે આ ન ક્ષત્રીને ક્રૂર.
અજબ અજબ કે આવો અજબ કે કરવો ધાર્યો ગજબ.
મા૦—રે જાઓરે રાજ તજી દો દાઝ.
સા૦—રાખો રાખોને મહારાજ.

માનીતી— ૩૬

શરમ નહિં તને અલી નાદાન છોકરી.
કોની પુત્રી કયાં જવા મતિ ભુંડી કરી—શરમ૦—
સીંહણીની શું જણી ચાર જઇ ચરી.
કસ્તુરીની વાસ અલી પ્યાજમાં પડી—શરમ૦—
કુતરાને ખીર મુકે નાંખતી ખરી.
રહેને રહેને છાની અલી મૂરખી મરી—શરમ૦—

સંયુકતા— ૩૭

રે માત તમે શું સમજાવો, શું સમજાવો, શું ધમકાવો.
શું ગભરાવો, શું ભરમાવો, લઇ જીવ કરો છૂટકો મારો—રે માત૦
મન મારૂં જેથી છે માન્યું વળવાનું ત્યાંથી નહિં વાળ્યું.
નહિં ડગનારૂં, નહિં ડરનારૂં, નહિં ચળનારૂં.
પ્રીતિનું કામજ છે આવું, ચંચળ નરનારીમાં ચાવું—રે૦
કયાં પુત્રી હું જયચંદ તણી, કયાં એ ચહુઆણુજ વીરમણિ.
કયાં કાચમણિ, કયાં સાચ મણિ, રત્નાગર કયાં ને ગાગર કયાં.
ને ગમારને વળી નાગર કયાં ! ! !—રેમાં૦—

મળ્યું મારવાડમાં કલ્પતરૂ, કોઇ કાળે નાના નહિં વિસરૂં.
નાના નહિં મૂરખ માંહિ ઠરૂં, રે ચાહ્ય ભલે રીબી મારો.
કે ચાહ્ય ભલે ગરદન મારો કે લુણ ભરાવીને મારો-રે૦

સંયુ૦— ૩૮

શાણી સુણ સજની દીવસને રજની.
રસિઆ વિના શી રીતે જાય જાય જોગ-
મહા ગરમ આ મદનની માત્રા.
લાગે અંગો અંગે લાગ લ્હાય લ્હાય લ્હાય --
એ રસભોગી વદ ભ્રમર વિણ.
માલતીનો જન્મ એળે જાય જાય જાય—

પૃથિરાજ— ૩૯

મળે ક્યારે પ્યારી મારી એ ચંદ્રવદની નારી-મળે૦
પ્રેમીજનની મિઠ્ઠી પીડાની પ્રેમીનેજ પીછાણ.
નહિં પ્રાણનુ પણ જ્યાં ભાન, પ્રિયાનું જ ધ્યાન, રહે નરધારી-મળે૦
જળચર જીવ આ પ્રેમે પરસ્પર કેવાં કરે કલ્લોલ.
કેવી પ્રેમની ચાલી છોળ, રમે રંગ રોળ, ફિકરને વિસારી-મળે૦--
હું પણ ક્યારે એ રસવેલીની પૂરણ પામીશ બાળ.
એક દર્શનથીજ થઇ ન્હાલ, ધરીને વ્હાલ, સીંચુ રસવારી-મળે૦-

સંયુકતા— ૪૦

દુર્લભ જનમાં મન આ, તન ગુરૂજનને વશ છે રે. એની-
સાહસ કાંઇ ન સૂઝે, મરણ વગર શું શરણ અવર કેની-

સંયુકતા— ૪૧

રાજથી લાગીરે લગન મારી—રાજ૦
સ્નેહ સફળ થવો આજ સજનથી.

ઝાલી પ્રભુ એ બાંહ્ય,
વારૂં વારૂં તોએ મન ન મનાયે.
દિલદાર પાસે દોડી દોડી જાયે-લગન૦-
પ્રથમ નજરમાં પ્રીતમ પકડયા.
પળ પળ તસ ગુણ ગાયે,
પલકે પલકે પ્યારાજ પુકારે.
જોની લોભી જરી ન લજાયે-લગન૦-

સાહેલી— ૪૨

રસીલી તુમ મૂરત રાજ મનોહારી.
એજી જાઉં વાર હજાર હું વારી-રસીલી૦
એ રસવેલીની રક્ષણ કરતા.
લેજો અમોને વિચારી-રસીલી૦

પૃથિ૦—ક્યાં છે ક્યાં છે એ રસવેલી.
સાહે૦—જુઓને પેલી અટારી-રસીલી૦

પૃથિ૦— ૪૩

જુવન ઝરૂખે મેં જોઇ નાજુક નાર.
ચતુર નજર શર મારી ધીર ધારી.
મારી ધિરજ હટાવી તતકાળ-ઝરૂખે૦-
રચ્યો મંદ હાસ્ય સુખકંદ ફંદ, ફસું રદય કરૂં હું શો વિચાર
સાથ વીરતા લઇ હાથ, કરી કેદ મુકી ગઇ પ્હેરો પ્યાર-ઝરૂખે૦-

સાહે૦— ૪૪

પ્રેમનો કીડો વેલીએ વિંધે એથી બનીએ બીચારી.
ચતુર વિચક્ષણ આપ છો માળી, કલમ કરીદ્યો સુધારી-
પેલી બારીએ બાળા આ બેઠી, પાવન કરીએ પધારી-

સંયુ૦— ૪૫

આવત વ્હાલાજી—

સાહેલી ચંદ્ર વદન જો વિમળ ને વિશાળ ભાળ.

છેલ છબી છોગાળાજી—

ફળી ફળી સહુ આશ આજ, રસિકને રૂપાળા,

મોહન ગુણની માળા, ડગલે ડગલે અમૃતધારા.

સિંચી સમાવે વ્હાલા, મદન જવાળાજી—

પૃથિ૦— ૪૬

શાને તું શરમાયે પ્યારી મન સારૂં મુઝાયે-

સંકટ સહસ સહન કરી વાટે, માનુની આવ્યો તારે માટે

કેમ હવે કચવાયે પ્યારી—મન૦—

બળે મદન બાણે તન વ્હાલી, કર શીતળ આલીંગન આલી

હાલ હાલ હરખાયે પ્યારી—મન૦—

સંયુકતા- ૪૭

ચહુઆણ છો સુજાણ જાણ આપને હશે.

ન ક્ષત્રી પુત્રી ધર્મ કોઇ કાળ ચૂકશે-

સમુદ્ર ચંદ્ર દેખીને ઉમંગે ઉલ્લસે.

મર્યાદ તે તથાપિ શું કદાપિ મૂકશે-

પૃથિ૦— ૪૮

ડાહી મારી પ્યારી થાય આમ કેમ ડરકણુ.

ઝટપટ ગ્રહણ કર, પ્રબળ કર, ધીરજ ધર, પ્રભુજી સ્મર.

જરાક ડરકણુ-ડાહી૦—

કર મનમાહિં માપ વીર છાપજ, શું ભૂલાય કરી પરવશ કાગળ

તુજ વચને જીવન પણ અરપણ, લે બતાવ હવે અડચણુ-

સા૦--લખી પત્ર કર્યાં થીર છત્ર સખી તેં, શું ફેરાય દઇ વચ-
નને તનમન.

ચાલ્ય ચાલ્ય મુક બાળા ચાળા, હૈયું તેઅલી ધડકત.
લેની બેની પ્રીત સાંધ બાંધ કર મીંઢળ—
સં૦-પણ મમ તાતજી ટેક પૂતળું.
સા૦--શું જોઇને કર્યું સખી પુતળું વર.
સં૦--આપ વચન થકી આપ વદન જોઇ, લ્યો બાંધું.
બધા-ધન્ય જય જય, ધન્ય દીન ધન્ય દીન.
ચાલો હવે ઝટપટ--

બધા— ૪૯

કેવું અંધારે કુટાયું રે વાહજી વાહ.
ભટજી રમખળ ઠીક મચાવ્યું રે વાહજી વાહ--
લાડુને વાંદરા, દાળને તો રાંડના.
ભજીઆંને ગદ્ધા, ભાત શંખભારતી.
રૂડું લાકડે માંકડું અડાડયું રે—વાહજી૦
કેમ મહારાય, કાય હો કસાકાય.
હાહાહાહાહા, વાહ વાહ વાહ વાહ-

ચુકતા—સાહે૦— ૫૦

આવોં સખીઓ આમ.
આ ઉપવન મન લલચાવે-એરી સખી ગન૦—
સુંદર સમય હૃદય હરે રસીલી રીઝાવે—સખી૦

બાળા ધરી હેત હાવભાવ બતાવે.
છણુકાર કરીને છનન છન શ્યામ સતાવે–સખી-
જુવતી જોબન રસભરી રંગે રમતી રાસ,
તાલી લેતી આલીથી હેતે કરતી હાસ;
શાણી સાહેલી બેલી સ્વામી છેરે લોલ.
બામી પતિ સતી આનંદમાં—-શાણી૦
પતિ સેવાથી પામવો ભવસાગર નિસ્તાર,
પતિ પરમેશ્વર પૂજીએ વ્હાલી વારંવાર;
તારનાર નારને ભરથાર ભલોરે.
ધન્ય ભાગ્ય સ્વામી જો સુપાત્ર મળ્યોરે.
રાતદિન જાય લીલા લ્હેરમાં—શાણી૦—

સંયુક્તા— પ૧

પિયુજી કેવી પ્રાતઃકાળની લ્હેર.
ઋષિ૦—ભાનુની માનો મહા પ્રભુજીની મ્હેર.
કિલ કિલ કરતાં પંખી રમે છે.
કેવો સ્વતંત્ર પ્રેમનો ફેર—પિયુ૦—
સંયુ૦—શાન્ત કુમારી કુદરત્ત સાથે, મંદ પવન કરે લ્હેર-પિયુ.
અરૂણ સૂર્યનો સાથી લાવ્યો, સંદેશો પૂર્વ પ્રિયા ઘેર-પિયુ-
સુંદરી સ્વામી સૂર્ય વધાવવા, સ્વસ્તિક પુરે ચોમેર--પી.
ઋષિ—સ્વામી સૂર્યનો પ્રેમ અલૌકીક, પસારે કર હર્ષ ભેર--પીયુ.
અબળાના તો અધિપતિ છે, એ વીણુ સઘળું ઝેર--પીયુ.

ઋષિ— પર

પ્રિયા, કહું કે દીલદાર, કહું કે હું તે તમને શું કહું ?
અર્ધાંગના, કહું કે હું વારૂ જીવજાન, કહું કે શું કહું ?--પ્રિયા.

જો પ્રિયા કે દીલદાર કહું તો જુદાઈ આપણો ઠરે,
જેને સોંપ્યું સર્વસ્વ તેને અર્ધાંગના શી રીતે કહું ?—પ્રિયા૦
પત્નિ, કાન્તા, જાયા છદ્રએ પ્રીતિને છાજે નહીં.
કુરબાન જેને કાજે જાન જીવજાન તે કહેવાય શું—પ્રિયા૦
રંભા કે રાધાજી કહેતાં લાગે કલંક પ્રેમને.
વિયોગ પળનો પણ ના વેઠો સીતા શી રીતે કહું—પ્રિયા૦
પ્રીતિને જે પાત્ર છે ને પ્રેમ મૂરતી માત્ર છે.
તેને દેવી દેવી એજ શબ્દ હાહા ઠીક છે.

સંયુક્તા— ૫૩

દાસી હું તો સદાની એરી એરી લાલા દાસી દામવિનાની-એરી
દાસી હું તો તમારી.
નયનની કીકી છો હાર હૈયાના.
લાગી છે લ્હેલલા જોઇને લટક—દાસી૦
મથન વિના રંક કર ચડયું રહેજે.
રતનના, જતનની તનમાં ખટક—દાસી૦
શીર છત્ર સ્વામી છો વીર શીરોમણી.
કામદેવ ભલે લાવે કટક—દાસી૦

મોતીચંદ— ૫૪

એમાં તે શેનાં પાપ, લાભ જેમાં છે અમાપ.
વ્યાધિને ને વેરીને તો મૂળથીજ વાઢો.
છે નીતિ શાસ્ત્રે છાપ—એમાં૦
ચોરી નથીને નથી વ્યભિચારી.
મારવી નથી કોઇની થાપ—એમાં.

ઉપાય સારા છે ફળ સારે.
મણી કાજે સતાવીએ સાપ—એમાં૦
કાઢી ડાળીને કોણ ના કહેશે,
કે બાઇ વ્હેલી વ્હેલી કાપ—એમાં૦

સંયુક્તા— ૫૫

આજે દીઠી ઉદાસી એ સ્વામી મારા—આજ૦
વદન રતનમાં એબ આ આવી.
હાવી ક્યાંથી ઉદાસી—એ સ્વામી મારા.
રાહુએ ઘેર્યો ચંદ્ર નિરખતાં.
પોયણાની દશાશી—એ સ્વામી૦
તર્ક વિતર્ક અનેક ઉઠે છે.
કારણ કહોને વિમાસી એ સ્વામી મારા—આજ૦

પૃથિ— ૫૬

બેસો બેસો પ્રિયા પ્રાણાધાર બેસો.
આવી પ્હોંચ્યું યવન સૈન્ય બેસો૦
સયુ૦—માણો માણો માણો એશઆરામ--
પૃથિ૦—ભુલું ચતુર થઇને ભાન—બેસો૦--
લઇ કાયા જશું પ્રાણાધાર.
સોંપ્યા તમને સલુણી પ્રાણ—બેસો૦--

સયું— ૫૭

ઘુમો રણમાં રે ઝટઝટ, ઘુમો રણમાં ઝટઝટ.
ધારી નારી સૌ કરતા વાતનો ધિક્કાર.
રે'તી નથી જીભ તોયે રોકયે વારંવાર

દુઃખવિના સુખ નહીં મળનાર.
જનમ્યા ત્યાંથી કોઇ દીન, મરવું છે નીરધાર.
પ્હોંચો રણમાં વ્હેલા વ્હેલા હે હૈયાના હાર–ધુમો૦
શોકય આવે કીર્તી કન્યા એનો નહીં શોક.
લાજ સઘળી તમને સોંપી એ ભુલોમાં–રેપીયુજી
રણરસીયા કાંતો સ્વામી સાથે આવી મારૂં શત્રુ દાર.

યુથિ૦—નાના દીલદાર, નાના દીલદાર,

સંયુ૦—વારૂ મારે આવે યશમાં ભાગ પડનાર.

પૃથિ૦—નાના૦ તમારો સ્વામી શું નારી સહાયે જીતનાર–

રેણસીંહ— ૫૮

તમે ડરાવો મને શું આમ?
હું છું ક્ષત્રીનો જાયોરે—તમે૦
રજપુત બચ્ચો રણની રમતમાં.
હારે કદી શું હામ—હું છું.
શૂરવીરના હાથમાં શુરાતન છે.
હાર જીત હરીની તમામ —હું છું૦
જીત્યેથી કિર્તીને મુએથી સ્વર્ગ છે.
પાછું જવું છે હરામ—હું છું૦

પૃથ૦— ૫૯

ગઢ ભણી તું જા કહ્યું માની, ના દાખવરે નાદાની—
તુરકોના લસ્કર તણો હજુ ન આવ્યો તાગ,
જા જા જલદી જા હજુ, પછી ન મળશે લાગ—
પ્રાણ પલકમાં તુજ જશે જાશે મુજ નિરવંશ,

ઉંડા દીલમાં રહી જશે દુશ્મન ઉપર દંશ—
હાની એ બેઉ થવાની—ગઢ.

રેણુ૦—જાણી બાળ તમે બીવરાવો, પણ હું છું ક્ષત્રી જાયો.
સીંહ શીશુ ડરશે કદી ગજ પર ભરતાં ફાળ ?
મોત સમજતો હું નથી હું છું કાળનો કાળ—
પાપી કે કાયર ડરે, મરવું જગમાં જાણ,
હું નીરદોષી શૂરનરે ડરથી ખરે અજાણ
ગણો ગાંડો કે પછી ડાહયો—

રેણુ૦— ૬૦

ઓ રાજ પાયે લાગી માગીએ છે આજ.
કે અમને આજ્ઞા આપો યુદ્ધે ઝુઝવાજ.—

પૃથ્વિ૦—શોધીને આ લાગ, લ્યો ગઢ ભણીનો માગ.
બન્ને૦—રે મ્હાભાગ્ય લાગે કુળને કાળો ડાઘ—ઓ૦
પૃથ્વિ૦ હઠ લઇ ભાઇ આમ શેણે માગો મોત ?
બન્ને—હમારે આ સમશેરોનું પારખવું છે પોત.
પૃથ્વિ૦—માન માન માન ના થાઓ નાદાન;
બન્ને—માતાનું લજાવીએ શું ત્યારે સ્તનપાન ?
ફેરવી આ સમશેર, ઘુમી ઘુમીને ચોમેર.
શત્રુઓને મારી ઠેર મેળવીએ પ્રભુ મ્હેર.
જય જય જય—

કલ્યાણ— ૬૧

વાત તણો વિશ્રામ જે આફતમાં આરામ
તાત જતાં લાગે મને શુન્ય ગામ ને ધામ—
વાલીને જે ગોદમાં કે'તાં કડવાં વેણ

હાય હાય ઓ તાત ક્યાં રે નિરભાગી નેણુ—
પાપીને પાર મુકું હાય શે વિચાર કરૂં
દગાથી તાત માર્યા મ્લેચ્છને મારૂં કે મરૂં—
પ્હોંચી પાતાળ એ કંગાળને હું ખેંચી કાઢું
ચઢી આકાશ એ નાદાન નીચ મારી પાડું—
અરે શુરવીર બાપદાદાએ જે નામ કર્યું
જો જો એ જાય નહિં આજ યુદ્ધમાંહિ વર્ત્યુ—

અંક ૩ જો.

સંયુકતા— ૬૨

અરે હો જગરાય થજે તું સ્હાય—સ્હાયરે હો વિભૂ—એ ટેક.
રણમાં ચઢીઆ રાજવી ભર્તભૂમિના નાથ.
રાખો રમણી ઋદ્ધિ અહિં હૈયું કટારી હાથ—અરે હો૦
કંથ વિનાની કામની જીવ વિનાની કાય.
નીર વિનાની માંછલી જીવતી મુએ મનાય—અરે હો૦
રડાતાં રાજવી રંડાશે હિંદુવાણુ.
જગપતિ જાળવજે પતિ પતિ પાછળ આ પ્રાણુ--અરે હો૦

સંયુકતા— ૬૩

લાચારી ધારીરે—અરે ઓ ઇશ્વર.

ઓ દુઃખ હરતા, દીલમાં ડરતાં, સ્મરતાં, ટળતાં.
નરડરને ધાકારી કારીરે—લાચા૦
પંજર પડીઓ હંસ હળેલો.
પાપ નડયાં પૂરવનાં આખર.
રડતાં, ફુટતાં, ઝુડતાં, હાય હારી હારીરે...લાચા૦

સંયુકતા— ૬૪

વ્હાલી કેમ વિપત આમ સહજ વિસરૂં.
નરવર તણી રમણી શું બની દિલમાં ડરૂં—વ્હાલી૦
ક્ષત્રી વર પુત્રી મ્હેલ માંહી ઉછરી.
પામી વીર નાથ નાથ આશ સઉ ફળી.
હા હા પણ હાલ હાલ આશ સૌ ટળી.
બેની—વ્હેની—સુખણી ટળી,
દુખણી બની, હાય શું કરૂં—વ્હાલી૦
દેવા શીખ સર્વે કોઇ ડાયલાં ઘણાં.
આવ્યે દુઃખ આપ નહી રાખતા મણા.
સ્વામી વિણ દાસી દુઃખ હે દયા ગના.
પ્યારા—ન્યારા—થઇશું રહ્યા—દુરશું ગયા.
હાય હું મરૂં—વ્હાલી૦

વાંચુઓ— ૬૫

જેણે પાપ કરેલાં પરભવ.
પરિપુરણ ભગવાન; એ બૈરીનો સ્વામી

થાતાં આમ થશે હેરાન.
આમ કેમ પજવે.
બન્ને—શો વેશ ભજવે.
ધાંયજો—નાખવો છે મારી.
બન્ને—કમબખ્તી તારી.
ધાં૦—એધરનો મેમાન—એ બૈરી૦
જુની—શોક લાવીને મારા ઉપર માર્યો કેવો શોખ.
ધાં૦—ભુલ્યો બાપ—વળગ્યાં પાપ.
બન્ને—કેશો ન પાપ—મુકી માપ.
સહેશું નહીં અપમાન—એ બૈરી૦

જયચંદ— ૬૬

થાકી થાકી લોથ થાતાં ઠેકાણું લાગ્યું નહીં—ટેક
હા હા તુર્ક બીથી ભાગી ત્યાગી રાજ્યધાની તે.
વાટે વેઠી વાધ વરૂ આવી ચડયા હા અહીં—
પવનના ઝપાટા પીડે જો આ જમનાજીતટે.
પડતા માંહિ પાડુ મારે જગત રીતીએ રહી—
લાવ્યા આ વિશાળ વડની છાયા એ આરામ લઉ.
હાયદશા છત્ર ધારી પોઢું પત્ર પથારીએ—

જયચંદ ૬૭

કર્યા મેં પાપ કારી ગતિ કેવી થનારી.
પ્રગટયો પશ્ચાતાપ કીડો નીચ બુદ્ધિ પડ નિવારી.
ગતિ કેવી થનારી--કર્યા૦
માત ભૂમી મ્લેચ્છ કીધી શૂર ભ્રાતાઓ સંહારી.

ધ્રુવવાણી વિસારી—કર્યાં.

તુર્ક શાહબુદ્દીન તેડી ઝાલી હા મેં ઝેર ઝારી.

મતિ શી થઇ મારી—કર્યાં૦

અદેખાઇ સર્પ પાળી આ રહ્યો હું અવિચારી.

ટીલી લીધી કાળી--કર્યાં૦

વીર પૃથિરાજને ને સમરસીંહને સતાવી.

માત ભૂમિ રંડાવી--કર્યાં૦

માત જુમના ખોળે તારે પાપી આ છે દેહ મારી'

લેજે લેજે ઉધારી—કર્યાં૦

કર્માદેવી— ૬૮

કુવરી કુંવરજી કોડામણા.

બન્ને—મામા--માજી--હા હાય.

આજે રડો કેમ માતજી.

કર્મા૦—ઉર જોઈ ઉભરાય—કું૦

બન્ને—આમ કરે છે બા કેમ તું, ખીજ્યા શું તને તાત.

કર્મા—તાત તમારા પાછા થયા, વંડી બા લુડાં વાત--કું૦

બન્ને—પાછા થયા તે આં ક્યાં ગયા, હું તો જઉં પિતા પાસ.

કર્મા રણધીર રૂડા રાજવી હોાને સ્વર્ગમાં વાસ--કું૦

બન્ને—ઢીંગલ ઢીંગલી લાવશે, દેશે ઢાલ કટાર.

ચાલોને બ્હેન ઉતાવળાં, મળીએ જઇ આ વાર--કું૦

બા ઝટ બાપા બતાવતું—

સઘળાં— ૬૯

ઝટ ઝટ ઝુકો કેસરીયાં કરવા—ઝટ૦

તરવાર લઇ માર, માર માર માર કર પારરે—ઝટ૦

શું ક્ષત્રિને જણનારી, વશ મ્લેચ્છને રહેનારી૦
શીત આગથી ઝરનારી.
કોઇ કાળે ના ચાલે—માર—ઝટ૦

પૃથિરાજ— ૭૦

હા થયા શા હાલ મારા હાલ હું હરી.
સ્વયંદશાની દીકરી, દરિદ્રતા વરી—હા૦
ભૂમિપતિ હું હાય પતિ કાયનો નથી.
પૃથ્વિપતિને પાય દેવા ભોંય તો નથી—હા૦
કેકેક્ષા અન્ન આશરે કેદી આકાયા નહો.
પ્યારી પ્યારી ભૂમિ ભૂમિ જીભથી જપે—હા૦
તોયે સ્વતંત્ર મન મારૂં દૂર દેશમાં ભમે.
મારી ભૂલી ભાત ભૂમી સ્વર્ગમાં રમે—હા૦
સર્પ સોનાનો ઊગે ત્યાં વાસુ સુગંધી વહે.
નાના તારા ભાગ્યમાં નહીં જીવ શું કહે—હા૦
બેડીનો ભાર કાંઇ ગણુતીનો નથી.
પરતંત્રતાનો ભાર ભાઇ વેઠાતો નથી—હા૦
મારૂં તુચ્છ રાજ્યપાટ માલને મતા.
હાય મોટા તોટા તારો છે સ્વતંત્રતા—હા૦

પૃથિરાજ— ૭૧

મારી પ્યારી અરે શું કરતી હશે. નીર વિના માછલી મુંઝાતી હશે—મ્હા૦
મનથી ખડી કરી આકૃતિ મ્હારી ભોળી નયન નીર ભરતી હશે--મા૦
સંભારી સંભારી મમગુણ રામનામ સમ રટતી હશે--મ્હા૦

અકળાઇ જઇ બાગ બગીચે પાછી પાછી પડતી હશે--મ્હા૦
નિદ્રામાં પણ નાથ નીહાળી જાગી ઝબકતી ચમકતી હશે--મ્હા૦
આ નિરભાગી રંક કરમમાં છાજતું રત્ન નહીં સરજ્યુ,
હશે—મ્હા૦

ચંદ—
હય કટ્ટત ભયો ભોમ ભોમ હુઅ પંન પલટયો.
પય કટ્ટત કર લયો કરહુ સબ સેન સમટયો
કર તુટ્ટત સીર લયો સીરહુ તન તન હુઅ તુટા
સીર તુટ્ટત ધર લર્યો ધરહુ સનમુખ હુઅ ફટયો.
ધર ફૂટ્ટ ફૂટ્ટ કવિ ચંદ કહે હોમ હોમ લગ્ગે લરન
સુર અસુર નાદ જય જય કરે ધન્ય ધન્ય શુરવીર મરનયે

સંયુક્તા— ૭૨
કંથવિણુ હાય હું થું હેરાન જળવિણુ મીન સમાન—કં૦
સ્વામીની સંગે બાગ બગીચે રમતી હું રાગને રંગ.
સુના બાગ બગીચા નીહાળી આગ ઉઠે છે અંગ—કંથ૦
બળી લાકડી થાય કોયલા કોયલા બળી થાય ખાખ.
પ્રેમ અગ્નિથી જે બળે તે નહિં કોયલા નહીં રાખ—કંથ૦
ભાલાની ભલી વેદના જીવ જતાં છુટાય.
વિયોગ ભાલે હાય વિંધાતાં જીવાય કે ન મરાય—કંથ૦

ચંદ—
ઇહિ બાન ચહુઆન રામ રાવન ઉથપ્યો.
ઇહિ બાન જહુઆન કરન અર્જુન સીર કપ્યો.
ઇહિબાન ચહુઆન શંકર ત્રિપુરાસુર સંધ્યો.
ઇહિબાન ચહુઆન ભમર લછમન કર બેધ્યો.

સોબાન આજ તો કર ચઢયો ચંદ બિરદ સચ્ચો ચવે.
ચહુઆન રાન સંભર ધની મત ચૂકે મોટે તવે—
ચાર વંશ ચોવીશ ગજ અંગુલ અષ્ટ પ્રમાન.
એતે પર સુલતાન હે મત ચૂકે ચહુઆન—

સઘળાં— ૭૩

નજર કર જરી માતા આશીશ અમને દે.
પાળક તમે બાળક સકળ આ.
ચરણુ શરણુ દેઇ દૂર હરી લે આપદા.
તું જગમ કલ્પલતા સંકટ લે હરી—ન૦

સંયુકતા— ૭૪

ખુશ ખુશ સદા રાખેરે ભગવાન કૃપાવાન.
દુ:ખીઆં મટી થાઓ સુખીઆં બધાં.—ખુશ૦
ધુમતિ વ્હેતી નિતી નદીથી રહેવો આનંદ આનંદરે.
રંગ રંગ રંગ મચ્યો રાગ અને રંગ પ્રભુજી પસાયે નિત્ય
આનંદ આનંદ થાય—ખુશ૦

ગાંયજી— ૭૫

કેમ કેવું જગાડયું વેર ચલાવ્યું કેવું છે અંધેર.
સંપે એની જાયે ઝેર.
સંપે સ્વામી લીલા લ્હેર.

ગાંયજો—તાલ મેલ તે ખુબ લગાડી.
જુની—કજીઓ કેવો ઉભો કીધો.
નવી—જા જા નાહક લડાવી માર્યાં.
જુની—નહીં તો ચાત આ વ્હેમી સીધો.
મુરખ બાપુ તમથી હાર્યાં.

કંથ હવેથી સંપજ કીધો.
હંહેહંહાં—હાં—કેમ૦

સંયુ૦— ૭૬

જે પ્રાણુથી પ્રિય સ્વામીની સંગે સદા રંગે રમી.
તે પ્રાણુ પ્રિય પતિ ચરણુને થઉં શરણુ હું પ્રભુને નમી.
ધિક્કાર છે કુસંપીને કુસંપના કરનારને.
શાબાશ વાર હજાર છે પર દુ:ખ દુર કરનારને—

સઘળાં— ૭૭

કાઢયો ખાર રાખી જુઓ સાર.
કુસંપીને ફળ આવાં મળનાર...
કુસંપ કોવચ જે જન ચોળે.
કાયર કાયર થઇને છેવટ વણુ મોતે નક્કી મરનાર...
ભુલી ચુકી ભાન જે ખારીલા હેવાન રહે.
જયચંદ સમાન તે દુ:ખ પામશે.
રાખે સંપ જે પામે જંપતે
નાશની નિશાનીએ નક્કી આ કુસંપ છે.
સંપથી સદાય જંપ સંપથીજ જય—

જાહેર ખબર.

નીચે લખેલાં પુસ્તકો શ્રી દેશી નાટક સમાજનો મુકામ હોય ત્યાંથી અથવા અમદાવાદ તળપદમાં ગ્રંથકર્તા પાસેથી મળશે. માટે જેઓ સાહેબને જોઇતાં હોય તેણે રોકડી કિંમતથી મંગાવી લેવાં અગર વેલ્યુપેબલ પણ મોકલવામાં આવશે. નાટપેડ કાગળ રાખવામાં નહીં આવે.

	રૂ. આ. પા.
શ્રી સંગીત લીલાવતી (આવૃત્તિ ૩ જી)	૦—૪—૦
સતી સંયુક્તા નાટકના ગાયનો (આવૃત્તિ ૩ જી) ...	૦—૨—૦
ભોજરાજ નાટકનાં ગાયનો (આવૃત્તિ બીજી)	૦—૨—૦
સુભદ્રાહરણ નાટકનાં ગાયનો	૦—૨—૦
વીર વીક્રમાદિત્ય નાટકનાં ગાયનો...	૦—૨—૦
રામ રાજ્યવિયોગ નાટકનાં ગાયનો	૦—૨—૦
કેસર કિશોર નાટકનાં ગાયનો	૦—૨—૦
સતી પાર્વતી નાટકનાં ગાયનો..	૦—૨—૦
અંશુમતી નાટકનાં ગાયનો................	૦—૨—૦
પવિત્ર લીલાવતી નાટકનાં ગાયનો.............	૦—૨—૦
જગતરાજ નાટકના ગાયનો	૦—૨—૦
ઉર્વશી અપ્સરાના નાટકના ગાયનો	૦—૨—૦
મ્યુનીસીપાલ ઇલેક્ષન નાટકના ગાયનો....	૦—૧—૦

ઝવેરી ડાહ્યાભાઇ ધોળશાજી

રચી પ્રસિદ્ધ કરનાર.

ઠે.—અમદાવાદ ઢાળીવાડાની પોળ.